**(1101)** નીચેના પૈકી કયાં વિધાનો ભારતના "પક્ષાંતર કાયદા" સંદર્ભે ખરાં છે ?
(1) જો વ્યક્તિ નામાંકનના છ મહિનામાં જ અન્ય રાજકીય પક્ષમાં જોડાય તો, સંસદના એવા નામાંકિત સભ્યને ગેરલાયક ઠેરવવામાં આવે છે.
(2) જો એક અપક્ષ વિધાયક કોઈ રાજકીય પક્ષમાં જોડાય તો તે વ્યક્તિ સભ્યપદ ગુમાવશે.
(3) અપક્ષ કોઈ પણ રાજકીય પક્ષને સમર્થન આપી શકે પણ કોઈ પણ રાજકીય પક્ષમાં જોડાઈ શકે નહીં.
(4) વિધાનસભામાં કોઈ રાજકીય પક્ષના એકમાત્ર સદસ્ય અન્ય રાજકીય પક્ષમાં જોડાશે તો તેને ગેરલાયક ઠેરવવામાં આવશે.
**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 3 અને 4 *Ans:* B

**(1102)** ભારતની આંતરરાજ્ય કાઉન્સિલ બાબતે નીચેના પૈકી કયુ / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે?
(1) ભારતના વડા પ્રધાન આ કાઉન્સિલના અધ્યક્ષ છે.
(2) વિધાનસભા ધરાવતાં કેન્દ્રશાસિત વિસ્તારોના મુખ્યમંત્રીઓ અને વિધાનસભા ન ધરાવતાં કેન્દ્રશાસિત વિસ્તારોના વહીવટદારો આ કાઉન્સિલના સભ્યો છે.
(3) કેબિનેટકક્ષાના 10 કેન્દ્રીય મંત્રીઓને આ કાઉન્સિલમાં સભ્ય તરીકે વડા પ્રધાન દ્વારા નામાંકિત કરવામાં આવશે.
**[રાજ્ય વેરા નિરીક્ષક (STI), તા. 09/06/2019]**

(A) ઉપરોક્ત પૈકી કોઈ નહીં.
(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 2
(D) ફક્ત 1 અને 2

*Ans:* D

**(1103)** ભારતીય બંધારણ .......... ને પ્રતિબંધિત કરે છે.
1. માનવ તસ્કરી
2. વેઠ
3. કોઈ પણ ખાણોમાં 16 વર્ષ કરતાં ઓછી વય ધરાવતાં બાળકોને રોજગારી
**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) ફક્ત 1 અને 2 (B) 1, 2 અને 3 (C) ફક્ત 1 (D) ફક્ત 2 *Ans:* A

**(1104)** લોકસભા ચૂંટણીનો ઉમેદવાર તેની સિક્યોરિટી ડિપોઝિટ (અનામત) ગુમાવે છે જો તેને ........... ન મળે.
**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) માન્ય મતોના 1/6 (B) ઉપરોક્ત પૈકી કોઈ નહીં. (C) માન્ય મતોના 1/4 (D) માન્ય મતોના 1/3 *Ans:* A

**(1105)** રાજ્યોના પુનર્ગઠનના આયોગમાં નીચેના પૈકીના કયા સભ્યો હતા?
(1) ફઝલ અલી. (2) હૃદયનાથ કુર્જરું (3) કે. એમ. પાનીકર (4) ગોવિંદ વલ્લભ પંત
**[રાજ્ય વેરા નિરીક્ષક (STI), તા. 09/06/2019]**

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 2 અને 3 (C) 1, 2, 3 અને 4 (D) ફક્ત 2 અને 4 *Ans:* B

**(1106)** ભારતીય સંવિધાનના અનુચ્છેદ-44માં ઉલ્લેખિત સમાન નાગરિક સંહિતાનો સમાવેશ બંધારણના કયા ભાગમાં કરેલ છે?

**[સમાજ કલ્યાણ નિરીક્ષક, તા. 09-12-2018]**

(A) મૂળભૂત ફરજો સંબંધિત ભાગ

(B) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સંબંધિત ભાગ

(C) નાગરિકતા સંબંધિત ભાગ

(D) મૂળભૂત અધિકારો સંબંધિત ભાગ

*Ans:* B

**(1107)** બંધારણની કઈ કલમ હેઠળ કેન્દ્રીય પ્રધાનમંડળની સલાહ મુજબ રાજ્યપાલની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે ?

**[હિસાબનીશ, વર્ગ-૩, તા. 25-3-2018]**

(A) કલમ - 74

(B) કલમ - 155

(C) કલમ - 161

(D) કલમ - 153

*Ans:* B

**(1108)** નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?

(1) સરકારી કમિશને આંતર-રાજ્ય પરિષદની સ્થાપના માટે ભલામણ કરી.

(2) આંતર-રાજ્ય પરિષદની જાહેરાત અને સ્થાપના રાષ્ટ્રપતિ હુકમ દ્વારા થઈ હતી.

(3) આંતર-રાજ્ય પરિષદ એ બંધારણ સભાની રાજ્યોની સમિતિની ભલામણ હતી.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) (1), (2) અને (3) (B) ફક્ત (1) અને (2) (C) ફક્ત (1) (D) ફક્ત (2) અને (3) *Ans:* B

**(1109)** નીચેના પૈકી કયા સંજોગોમાં રાજ્યમાં રાષ્ટ્રપતિશાસનની ઘોષણા જરૂરી નથી?

(1) રાજ્ય વિધાનસભાનું વિઘટન (2) રાજ્યમાં મંત્રી પરિષદનું નિરસન (3) સ્થાનિક મંડળનું વિઘટન

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 1 અને 3

(B) 1, 2 અને 3

(C) ફક્ત 1 અને 2

(D) ફક્ત 2 અને 3

*Ans:* A

**(1110)** ભારતમાં નીચેના પૈકી કયો સ્ત્રીઓનો બંધારણીય અધિકાર છે ?

**[પોલીસ ઈન્સપેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) આજીવિકા માટે પૂરતાં સાધનો મેળવવાનો અધિકાર

(B) ઉપરોક્ત પૈકી કોઈ નહીં.

(C) માતૃત્વને લગતા લાભની જોગવાઈ

(D) સતી થવા ઉપર અને તેના સ્ત્રીઓ પરત્વેના ગુણગાન ઉપર રોક

*Ans:* A

www.Gujarat1.com

**(1111)** નીચેના પૈકી કયાં વિધાનો ભારતના ઉપરાષ્ટ્રપતિના સંદર્ભે ખરાં છે?

(1) જ્યારે ભારતના ઉપરાષ્ટ્રપતિ, રાષ્ટ્રપતિ તરીકે કાર્યરત હોય છે ત્યારે, તેઓ રાજ્યસભાના અધ્યક્ષની ફરજ બજાવતા નથી.

(2) ભારતના ઉપરાષ્ટ્રપતિને વેતન અને અન્ય ભથ્થાં ઉપરાષ્ટ્રપતિ તરીકે નહીં પણ રાજ્યસભાના એક્સ ઓફિસ્યો (Ex-officio) અધ્યક્ષ તરીકે મળે છે.

(3) જ્યારે ભારતના ઉપરાષ્ટ્રપતિ, રાષ્ટ્રપતિ તરીકે કાર્ય કરે છે ત્યારે તેઓને ભારતના રાષ્ટ્રપતિ જેવી સત્તા પ્રતિરક્ષા અને વિશેષાધિકાર મળતા નથી.

(4) ઉપરાષ્ટ્રપતિની જગ્યા જ્યારે ખાલી પડે છે ત્યારે તેઓના સ્થાને કોણ ફરજ બજાવશે તે બાબતે બંધારણ મૌન છે.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 *Ans*: C

**(1112)** નાણાં ખરડા સિવાયનો કોઈ ખરડો રાજ્યપાલે પુનઃવિચારણા માટે વિધાનસભાને પરત મોકલવા માટેની સમયમર્યાદા કેટલી ?

**[ક્લાર્ક, તા. 16-9-2018]**

(A) એક મહિનો

(B) ત્રણ મહિના

(C) 14 દિવસ

(D) કોઈ સમયમર્યાદાની જોગવાઈ નથી.

*Ans*: D

**(1113)** લોકસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવા બાબતની જોગવાઈ ભારતીય સંવિધાનના કાયદાના કયા આર્ટિલમાં કરવામાં આવી છે?

**[મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ 3), 27-05-2018]**

(A) આર્ટિકલ - 96

(B) આર્ટિલ - 330

(C) આર્ટિકલ - 251

(D) આર્ટિલ - 128(ક)

*Ans*: B

**(1114)** આંતરરાષ્ટ્રીય સંધિઓના અમલ માટે ભારતીય સંસદ સમગ્ર ભારત અથવા તેના કોઈ પણ ભાગ માટે કોઈ પણ કાયદો .......... થી બનાવી શકે છે.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) બહુમતી રાજ્યોની સંમતિ

(B) કોઈ પણ નહીં

(C) સંબંધિત રાજ્યોની સંમતિ

(D) તમામ રાજ્યોની સંમતિ

*Ans*: B

www.Gujarat1.com

**(1115)** નીચેનામાંથી કયું જોડકું ભારતીય બંધારણના અનુચ્છેદોની જોગવાઈઓ મુજબ સાચું છે ?

**[સિનિયર ક્લાર્ક, તા. 19-8-2018]**

(A) બંધારણમાં સુધારો કરવાની કાર્યરીતિ - અનુચ્છેદ 268

(B) રાષ્ટ્રપતિશાસન - અનુચ્છેદ 356

(C) આંતરરાજ્ય પરિષદ - અનુચ્છેદ 264

(D) વડા પ્રધાનની ફરજો - અનુચ્છેદ 74

***Ans:*** B

**(1116)** ભારતના સર્વોચ્ચ ન્યાયાલય અને ઉચ્ચ ન્યાયાલય દ્વારા જારી કરવામાં આવેલ યાચિકાઓ સંદર્ભે નીચે આપેલાં વિધાનોમાંથી કયું(યાં) વિધાન(નો) ખરું(રાં) છે?

(1) બંદી પ્રત્યક્ષીકરણ આજ્ઞાપત્ર (The Writ of Habeas Corpus) માત્ર જાહેર સંસ્થાઓ વિરુદ્ધ જારી કરી શકાય.

(2) પરમાદેશ (મંડમ) (The Writ of Mandamus) કોઈ વ્યક્તિ અથવા સંસ્થા વિરુદ્ધ જારી કરી શકાય નહીં.

(3) પ્રતિષેધ યાચિકા (The Writ of prohibition) ફક્ત ન્યાયિક અથવા અર્ધ-ન્યાયિક સત્તાધિકારી વિરુદ્ધ જ જારી કરી શકાય.

(4) ઉત્પ્રેષણાદેશ (The Writ of Certiorari) કાયદાકીય સંસ્થા અને વ્યક્તિઓ સામે ઉપલબ્ધ છે.

**[ગુજરાત વહીવટી સેવા વર્ગ-1-2 પ્રિલિમિનરી પરીક્ષા, સામાન્ય અભ્યાસ-1, તા. 21-10-2018]**

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 3 અને 4 ***Ans:*** A

**(1117)** જાહેર નોકરીની બાબતોમાં તકની સમાનતા અંગેની જોગવાઈ ભારતીય સંવિધાનના કાયદાના ક્યા આર્ટિકલમાં કરવામાં આવેલ છે?

**[મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી વર્ગ-૩, તા. 7-10-2018]**

(A) આર્ટિકલ-17 (B) આર્ટિકલ-16 (C) આર્ટિકલ-13 (D) આર્ટિકલ-22 ***Ans:*** B

**(1118)** ભારતના બંધારણના વિદેશી સ્ત્રોતો સંદર્ભનું કયું જોડકું ખોટું છે ?

**[ક્લાર્ક, તા. 16-9-2018]**

(A) સમવર્તી સૂચિ - ઓસ્ટ્રેલિયા

(B) સંસદીય પ્રણાલી - બ્રિટન

(C) મૂળભૂત અધિકારો - બ્રિટન

(D) મૂળભૂત ફરજો-સોવિયેત સંઘ

***Ans:*** C

**(1119)** નીચેના પૈકી ક્યું / ક્યાં વિધાન / વિધાનો સાચું / સાચાં છે ?

1. ભારતના વડા પ્રધાનને દૂર કરવા માટેની પ્રક્રિયાની જોગવાઈ ભારતના બંધારણમાં કરવામાં આવી નથી.
2. રાજ્યના રાજ્યપાલને દૂર કરવા માટેની પ્રક્રિયાની જોગવાઈ ભારતના બંધારણમાં કરવામાં આવી છે.
3. ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકને દૂર કરવા માટેની પ્રક્રિયા ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશને દૂર કરવા માટેની પ્રક્રિયા જેવી જ સરખી છે.

**[પોલીસ ઈન્સ્પેક્ટર (બિનહથિયારધારી) વર્ગ-2, તા. 30/06/2019]**

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 3 (C) 1, 2 અને 3 (D) ફક્ત 1 ***Ans:*** C

www.Gujarat1.com

**(1120)** ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અથવા જન્મસ્થાનને કારણે કરાતા ભેદભાવ પર પ્રતિબંધ અન્વયે સામાજિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત વર્ગોના નાગરિકોના કોઈ વર્ગોના ઉત્કર્ષ માટે ખાસ જોગવાઈઓ કરવામાં રાજ્યને આ કલમના કોઈ મજકૂરથી બાધ આવશે નહીં. આ પ્રકારની જોગવાઈ ભારતીય બંધારણના કયા આર્ટિકલમાં કરવામાં આવી છે?
**[મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ 3), 27-05-2018]**

(A) આર્ટિકલ-16 (4) (B) આર્ટિકલ-16 (3) (C) આર્ટિકલ-15 (4) (D) આર્ટિકલ-15 (1) ***Ans*:** C

**Scan** to Play Quiz Gujarat!

હાલમાં ચાલી રહેલ ભરતીઓ Last Day Job List: Click Here

**Updates on WhatsApp:** Click Here **Telegram:** Click Here

**OJAS-MG on Telegram:** Click Here

**Download More Books:** Click Here OR visit gujarat1.com/books

**Report mistake if any on** info@gujarat1.com

www.Gujarat1.com